# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## માફી માગો, સુખી બનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સરસ મજાની વર્ષાઋતુ ચાલે છે. બધી ઋતુમાં વર્ષાઋતુ સાત્વીક ઋતુ ગણાય છે. તેથી જ તો આ ઋતુમાં વિશેષ નિયમો લેવાતાં હોય છે. આપણે પણ આજ એક એવી વાત કરીશું કે નિયમથી કેટલો ફાયદો થાય છે.

વાત જાણે એમ છે. સૌરાષ્ટ્રના એક ખૂણે પર્વતોની વચ્ચે અને નાના-નાના ત્રણ-ચાર ઝરણાઓથી વિંટળાયેલું નાનું એવું ગામ ધરમપુર, મોટા શહેરથી દૂર અને કુદરતના ખોળે વસેલું હોવાથી શહેરની ઝાકમઝોળ અને સઠતા અહીં સુધી પહોંચ્યાં ન હતાં. ગામના માણસો ભાવિક, ધર્મમાં શ્રધ્ધાળુ, નિખાલસ અને સાચા બોલા હતાં.

આ ધરમપુર ગામમાં કુશળચંદ શેઠ શાહુકાર ગણાતા. ગામમાં તેમની પેઢી હતી અને ત્રણ-ચાર દુકાનો પણ હતી. ગામના બધા જ માણસો તેમની સારી શાખ હોવાના કારણે ત્યાંથી જીવન જરૂરી ચીજો ખરીદતા હતાં. શાખ વધી-વેપાર વધ્યો એટલે એમણે એક મુનીમને નોકરીએ રાખ્યો. શેઠની હાજરીમાં અને બહારગામ જાય ત્યારે તેમના વતી આ મુનીમ વખતચંદ પેઢી સંભાળતો-શેઠને પણ મુનીમની વફાદારી માફક આવી ગઈ હતી. એટલે નાણાકીય વ્યવહાર પણ તેને સોંપતા હતા.

શેઠના બંગલાની બાજુમાં જ મંદિર હતું. આવી સરસ ચોમાસાની ઋતુમાં ગામના ભાઈ-બહેનોએ નક્કી કર્યું કે નિયમ લઈએ તો એવો લઈએ કે આપણને તો ફાયદો થાય પણ આપણું જોવે-જાણે તેને પણ ફાયદો થવો જોઈએ. બધાએ નિયમિત દરરોજ સાંજે ૪ થી ૬ મંદિરમાં ભેગા થવાનું અને ભજન-કીર્તનોથી તરબોળ થઈ પ્રસાદ લઈ ઘરે જવું, તેમ નક્કી કર્યું.

મંદિર બાજુમાં જ હોવાથી બપોરના સમયે ઘરાકી થોડી ઓછી હોય એટલે મુનીમ વખતચંદને રસ પડ્યો અને ધ્યાનથી મંડળીના ભજન-કીર્તન સાંભળે. પછી મનથી નક્કી કર્યું કે આ બધા કેવા મસ્તાન થઈ ભજન-ભક્તિ કરે છે. મેં જીવનમાં પૂજા-પાઠ ધરમ-કરમ કાંઈ કર્યું નથી. જો હું આ મંડળીમાં સામેલ થાઉ અને આ બધાની સાથે પ્રભુભક્તિમાં લીન થાઉં તો મારું કલ્યાણ થાય.

બીજા દિવસે મુનીમ આ મંડળીના આગેવાન ભક્ત ધ્યાનચંદને મળ્યા અને પોતાને જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી. ભક્ત ધ્યાનચંદે અનુમતિ આપી. મુનીમ ભજનમાં જોડાઈ ગયા. ધીમે-ધીમે ધ્યાનથી ભજન-કીર્તનના શબ્દો સાંભળતા અને રટણ કરતા તેથી મુખપાઠ થવા માંડ્યા. આમ બે ત્રણ મહિના ભજનમાં જવાથી ભક્તિ માર્ગમાં થોડી થોડી સૂઝ પડવા માંડી. પણ અન્ય ભક્તોની જેમ તલ્લીનતા આવતી ન હતી. તેથી એક દિવસ પાછા ભક્ત ધ્યાનચંદને મળ્યા અને ખુલ્લા મને નિખાલસથાથી વાત કરી કે, તમારા બધાના જેટલી એકાગ્રતા-તલ્લિનતા મારામાં આવતી નથી. તો શું કરવું ? ત્યારે ભક્ત ધ્યાનચંદે કહ્યું કે હજુ તમારા હૃદયમાં ક્યાંક પાપ છુપાઈને બેઠું હશે. એટલે તમે તે સ્થિતિએ આવી શકતા નથી. આ મુનિમ પણ સાચા બોલો હતો તેથી મુનીમે કહ્યું કે, મેં મારા શેઠની જાણ બહાર રૂપિયા પાંચ હજારની ચોરી કરી છે. પણ હવે મને એમ થાય છે કે ભૂલ હતી અને મારે પાછા મુકી દેવા જોઈએ.

મુનીમે વિચાર્યું કે મારી ચોરીની શેઠને ખબર નથી માટે તેમને જાણ કર્યા વગર રૂપિયા પાછા મૂકી દઉં અને મુનીમે પોતે ચોરેલા રૂપિયા પાંચ હજાર શેઠની તિજોરીમાં મૂકી દીધા અને પાછો સત્સંગમાં ભજન-કીર્તનમાં જવા લાગ્યો. હૃદયમાં થોડી હળવાશ થવાથી મન થોડું થોડું સત્સંગ સભામાં ભજન-કીર્તનમાં ચોટવા લાગ્યું. પણ હજુ સાચો આનંદ મળતો નહોતો. તેથી ફરીથી ભક્ત શિરોમણી ધ્યાનચંદને પોતાના હૃદયની વાત નિખાલસતાથી જણાવી. ભક્તે કહ્યું ! મુનિમજી, તમે શેઠની જાણ બહાર લીધેલા રૂપિયા જાણ બહાર મૂકી દીધા તે વાત સાચી પણ પ્રભુની તો એવી આજ્ઞા છે કે આપણે જેનો દ્રોહ કર્યો હોય તેની સમક્ષ જઈ પોતાની ભૂલની માફી જે તે વ્યક્તિ પાસે માંગવી જોઈએ'' તમે શેઠની માફી માંગી નહી હોય. કેવી રીતે માંગુ? જ્યારે હું તેમને મારા મોઢે ચોરીની વાત કરું ત્યારે મારી આબરૂ શું રહે ? વળી નોકરી જાય. ગામમાં ફજેતો થાય તો બીજે પણ કોઈ નોકરીએ ન રાખે. ભક્ત ધ્યાનચંદે કહ્યું, જો ભાઈ ''હરિનો મારગ છે સૂરાનો'' સાચું બોલતા કષ્ટ વેઠવું પડે તો વેઠી લેવું પણ પોતે જ જઈને માફી માગવી જોઈએ. તમારી હિંમત ન ચાલતી હોય તો હું સાથે આવું.

બીજે દિવસે સવારે શેઠ કુશળચંદ પાસે મુનીમ વખતચંદ અને ભક્ત ધ્યાનચંદ તેમની પાસે પહોંચ્યા. શેઠે ભાવથી આદર-સત્કાર કર્યો અને શેઠ પણ ભક્ત ધ્યાનચંદને વરસોથી ઓળખતા હતા. તેથી ખબર અંતર પૂછી આવવાનું કારણ પૂછ્યું. ત્યારે ધ્યાનચંદ ભક્તે શેઠ કુશળચંદને વિગતે વાત કરી અને આ આપના મુનીમ વખતચંદ આપની સમક્ષ કરેલી ભૂલની માફી માગવા આવ્યા છે. પસ્તાવાનો પાર નથી. હૃદય રૂવે છે પણ જીભ ઉપડતી નથી. અમારા સત્સંગમાં આવે છે. અને નિયમમાં જોડાયા છે તેથી હૃદય પરિવર્તન થયું છે. તો આપ તેમને યોગ્ય હોય તેમ કરો.

શેઠ ઉઠ્યા મુનીમ વખતંચદને માફી આપી અને ભેટ્યા. તેમની સત્યતા અને નિષ્ઠાના કારણે નોકરીએ તો ચાલુ જ રાખ્યાં પણ પગાર પણ વધારી દીધો. કોઈપણ કાર્ય ન ગમતું આપણાથી થઈ ગયું હોય તો તેનો પસ્તાવો તો

હૃદયમાં થવો જ જોઈએ. એટલે તો એક કવિએ કહ્યું છે કે,

"હા, પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે.

પાપી તેમાં ડૂબકી મારી, પુણ્ય શાળી બને છે."

પસ્તાવો થાય તો પાપી પણ પુણ્યશાળી બને.

વહાલા ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યના એકતાલીસમાં વચનામૃતમાં ઉપદેશ આપતાં આ વાત સમજાવી છે કે "જેનો દ્રોહ કર્યો હોય એની પાસે માફી માંગવી અને ફરીથી એ ભૂલ ન થાય તેવો ખટકો રાખવો. તો આ મુનીમની જેમ પાપથી મુક્ત થવાય અને સદાય આનંદમાં રહેવાય અને અધ્યાત્મ માર્ગમાં આગળ વધવું હોય તો નિખાલસ બનવું એ પાયાની શરત છે. બાકી કપટ રાખનારો ક્યારે પણ આગળ વધી શકતો નથી. એટલે આપણા આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પણ કહ્યું છે ને,

"એક કપટી ન તરે રે મહારાજ,શરણ આયે સબહી તરે."

●

**મહાપુરુષોનો શાપ આશીર્વાદ બની જાય છે**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

બદ્રિકાશ્રમમાં નરનારાયણદેવ બિરાજે છે. નરનારાયણદેવ બ્રહ્મચર્યનો મહિમા વધારવા ઋષિરૂપે રહ્યા છે. એક બોરડીના વૃક્ષ નીચે બેસીને ભક્ત સુખાર્થે તપ કરે છે.

એક સમયે હજારો રૂષિ મુનીઓ ભારત ભરના તીર્થોનીયાત્રા કરવા જાય છે. અડસઠ તીર્થ, સાતપુરી, ચારધામ આ બધી જ જગ્યાએ વિચરણ કરે છે. વિચરણ દરમિયાન તીર્થસ્થાનમાં થતા અધર્મ-પાપ, અપવિત્રતા આ બધું જોઈ દુઃખ પામે છે. સાધુ પુરુષો કોઈ ધન-સંપત્તિની બાબતમાં દુઃખી નથી થતા. લોક વ્યવહાર, માન-અપમાનથી દુઃખી નથી થતા. સાધુ પુરુષોનું દુઃખ તો તીર્થમાં તથા માનવ મનમાં અધર્મ, પાપ, ભ્રષ્ટાચાર વધે ત્યારે થાય છે.

ભારત ભરના તીર્થોની યાત્રા દરમિયાન દુઃખ પામેલા આ હજારો ઋષિઓ ભરતખંડના રાજા ઋષિરાજ શ્રીનરનારાયણદેવ પાસે બદ્રિકાશ્રમમાં આવે છે.

તીર્થમાં થતા અધર્મ પાપની વાત કરે છે. તેવા સમયમાં કૈલાસમાંથી દુર્વાસા ઋષિ પણ શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવે છે. દુર્વાસા ઋષિ ઉગ્ર સ્વભાવના હતા. કોઈ ભૂલ કરે તો શીઘ્ર ક્રોધમાં આવી જતા.

સભાની પાછળ આવી પોતાના સન્માનની પ્રતિક્ષા કરીને ઉભા રહ્યા. પરંતુ ધર્મ રક્ષાની ચિંતામાં ઉંડા ઉતરેલા ઋષિમુનિઓને દુર્વાસા મુનિના આગમનની ખબર ન રહી.

નહિતર તો જેમ ગામની ભાગોળે સિંહ આવે તે ગામમાં બધાને ખબર પડ્યા વગર રહે નહિ. તેમ ઋષિમુનિઓની સભામાં દુર્વાસા જેવા મહામુનિ આવે તે પણ કોઈને જાણ બહાર રહે નહી. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન હોય છે. નરનારાયણદેવની ઈચ્છાથી જ કોઈનું લક્ષ દુર્વાસા ઋષિ તરફ ગયું નહી. બધાનું મન નરનારાયણદેવમાં તન્મય રહ્યું.

દુર્વાસા ઋષિ પોતાનું સન્માન ન થતા અતિશય ક્રોધીત થઈ ગયા. અજબ ઘટના કહેવાય. જ્યાં હિંસક જનાવરોની હિંસક વૃત્તિ નાશ પામી જાય છે. જ્યાં પરમાત્મા બિરાજમાન હોય ત્યાં અંતઃશત્રુઓ નાશ પામી જાય છે. ત્યાં દુર્વાસા ઋષિ ક્રોધ કેવી રીતે સાથે લઈ ગયા. દુર્વાસા ઋષિએ ક્રોધીત થઈને કહ્યું.

આ બધા બેઠેલા મહર્ષિઓ, સિદ્ધો, મહાત્માઓ વિદ્વાન છે, તપસ્વીઓ છે. પંડિતો છે. વ્રતનિષ્ઠ છે. પરંતુ મારું સન્માન નથી કરતા માટે આ પંડિતો અને મૂર્ખાઓ એ બેય સરખા છે. મને લાગે છે કે આ બધાને હવે તપનું, ત્યાગનું અભિમાન આવી ગયું છે. જ્ઞાનનું, વિદ્યાનું અભિમાન આવ્યું છે. અભિમાનને કારણે મારા જેવાનું સ્વાગત નથી કરતા પણ ઠીક છે એ બધાના અભિમાનને હમણાં હું ઉતારી નાંખીશ. ક્રોધથી વ્યાકુળ બનેલા દુર્વાસા ભરી સભામાં શાપ આપે છે.

"આ સભામાં બેઠેલા બધા જ ભરતખંડમાં જન્મ ધારણ કરી અને અત્યારે કળિકાળના કારણે કેટલાય અસૂરો ભારતમાં જન્મી ચૂકેલા છે એ અસૂરો થકી તમે દુઃખ પામો." દુર્વાસાજીના શાપથી આખી સભા ચમકી ગઈ. કેટલાય તો ઉતાવળીયા દોડ્યા. દુર્વાસાજીના પગમાં પડ્યા. પણ ખિજાઈ ગયેલા દુર્વાસાએ કહ્યું,

"મારું નામ સુણી શાંતિ નાસે,

ક્ષમા આવે નહિ મુજ પાસે."

ત્યાં ધર્મદેવ જઈને હાથ જોડીને કહે છે "દુર્વાસાજી ! તમે તો મહાન સંતો છો. બહુ દયાળુ મહાત્મા છો. તમારું હૃદય તો માખણ જેવું કોમળ છે." ધર્મદેવની વાણી નમ્રતાપૂર્વક ઉચ્ચારાયેલી હતી. તમે જે કાંઈ શાપ આપ્યો એ અમારા સારા માટે છે. કારણ, "દુર્જનોના આશીર્વાદ શાપ બરોબર હોય છે. સજ્જનોનો શાપ પણ આશીર્વાદ બરોબર હોય છે." તમારા જેવા મહાત્માઓ જે કાંઈ વચન ઉચ્ચારે, એ જગતના હિત માટે જ હોય છે.

ધર્મદેવના વિનયભર્યા વચનો સાંભળી ઋષિ શાંત થયા. દુર્વાસા ઋષિ કહે છે. જુઓ ધર્મ ! મેં જે શાપ આપ્યો એ મિથ્યા નહિ થાય એ સહન કર્યે જ છૂટકો છે. પણ શાપની સાથે એક વરદાન આપું છું.

"આ સભામાં બેઠેલા નરનારાયણદેવ, તમારે ત્યાં પ્રગટ થશે અને અસૂરો થકી તમારી અને આ બધા મહર્ષિઓની રક્ષા કરશે." માટે દુર્વાસા ઋષિના શાપને નિમિત્ત બનાવી સ્વતંત્ર મૂર્તિ પરમાત્માએ અક્ષરધામના અધિપતિએ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો.

આ લેખને જો શાંતિથી વાંચ્યો હશે તો ઘણા બધા પ્રશ્નોના જવાબ આમાંથી મળી શકે તેમ છે. જો ટુંકમાં કહીએ તો દુર્વાસાઋષિને ઠપકો ન આપતા એ તો આપણી ફેવરમાં હતા. સત્પુરુષોના પરિતાપને સહન કરનાર ક્યારે પણ દુઃખી થતા નથી. પરંતુ સુખમાં વધારો જરૂર જરૂર થાય છે.